## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

કોઈ પણ સંજોગમાં ક્યારેય જે ભાગે નહીં,
એને જીવનમાં કદી દુષ્કર કશું લાગે નહીં.

કલ્પવૃક્ષ આજ્ઞા કરી કંઈ માંગવાનું કહે, છતાં,
પૂર્ણ ત્યાગી હોય એ સ્વપ્નેય પણ માંગે નહીં.

મર્મ ગીતાનો ઉતારે જે જીવનમાં લેશ પણ,
કર્મફળ છોડીને પણ એ કર્મને ત્યાગે નહીં.

હોય હિંમતવાન જે, એ ગુપ્ત દાન આપે બધે,
દાન દઈ એ ક્યાંય ખુદની તક્તિઓ ટાંગે નહીં.

- ડો. ધીરજ બલદાણિયા

### પાથેય

- રમેશ ઠક્કર

## તક્તિનો તલસાટ...

કેટલાક લોકો ગજવેલ જેવા હોય છે.મુસીબતો કે ઝંઝાવતો એમને ઝૂકાવી શકે નહીં.તકલીફમાં એવું છે કે જો ડર ગયા વો મર ગયા ! કપરા સમયમાં માણસની સંપત્તિ બુધ્ધિ કે બાહુબળ કશું જ કામ લાગતું નથી..એવા સમયે કામ લાગે છે ફકત આપણો અડીખમ આત્મવિશ્વાસ અને શ્રધ્ધા..જે માણસ મુસીબતો સામે ખડકની જેમ ઉભો રહી જાય છે એવા લોકો જ આખરે તો એનાથી છુટકારો પામી શકતા હોય છે..આવા લોકોને જીવનમાં કશું જ દુષ્કર લાગતું હોતું નથી..કહેવાય છે કે જીવનમાં બધું જ પરિવર્તનશીલ છે..એમ સારો સમય હોય કે ખરાબ સમય એની એક અવધિ હોય છે..માણસ જો ધીરજ દાખવે તો વિકટ સમય પણ વિતી જતો હોય છે.

ત્યાગ કે જતું કરવાની ભાવના એક ઉત્તમ સંસ્કાર છે..માણસ કોઈકની પાસે કશુંક માગે એટલે એની રોનક ગાયબ થઈ જાય છે..આપવામાં જે આનંદ એના ચહેરા ઉપર ઉભરે છે એ યાચક બનવામાં મળતો નથી..કહેવાય છે કે ભાગ્ય એવું છે કે એ ના માગે દોડતું આવે...જો એની પાછળ ભાગતા રહીએ તો એ આપણાથી દૂર ને દૂર જ રહે છે..જે માણસ સહજ મળે એને જ સંતોષ માનતો હોય એને કલ્પવૃક્ષ મળી જાય તો પણ એ ખોટી માગણી કરતો હોતો નથી..પૂર્ણ ત્યાગી બનવું ખરેખર અઘરું છે પણ જે વ્યકિત એ કક્ષાએ પહોંચી જાય છે એના ચહેરા ઉપર અજાયબ ખુમારી આપોઆપ છવાઇ જાય છે.

કર્મ કરતા રહેવું એ જીવનો ધર્મ છે..એનું ફળ આપવાનું કામ પરમાત્માના હાથમાં છે..ગીતાનો આ ટૂંકસાર આખી જિંદગી જીવીએ તો પણ ના સમજાય..અને જો સમજાઇ જાય તો માણસને કોઈ ફરિયાદ ના રહે..કર્મફળ ના મળે તો પણ સતત કર્મ કરતો રહે એ જ માણસ જીવનનો સાચો સાર સમજી ગયો હોય છે..આદર્શમય લાગતી આ વાત હકિકતમાં એક વાસ્તવિક સમજણ છે.

માણસને નામનો મોહ ગજબ હોય છે..ઘણા લોકોને તો એની રીતસરની ઘેલછા હોય છે.પોતાના નામની તક્તિ મુકાવવી કે પોતાના નામે સખાવત કરી પ્રસિધ્ધિ પામવાના અભરખા માણસમાત્રને હોય છે.આવું સામાન્ય લોકો કરે છે..જે ખરેખર ભીતરથી ભરપૂર હોય અંતરથી અડીખમ હોય કે નીડર હોય એવા લોકો આવી નામનાના મોહતાજ હોતા નથી..કોઇપણ પ્રકારની તકિતના મોહ વગર ગુપ્ત રાહે જ સદકાર્યોની સુવાસ ફેલાવતા રહે છે..!

# કોંગ્રેસ માટે સીધાં ચઢાણ

**તંત્રીસ્થાનેથી...**

કોંગ્રેસ માટે આગામી વિધાનસભાની ચૂંટણીઓ એના વજૂદનો અહેસાસ કરાવનારી બની રહેવાની છે. ગુજરાત કયારેક કોંગ્રેસનો ગઢ ગણાતું રાજય રહ્યું છે. મોરારજી દેસાઈના વર્ચસ્વમાં અહીં નેતૃત્વ નહોતું ખીલી શક્યું. એમના જિદ્દી સ્વભાવને લીધે કોંગ્રેસી આગેવાનો મૂંઝાયા હતા એટલે જેવી ઈંદિરાજીના નેતૃત્વવાળી કોંગ્રેસનો રાષ્ટ્રીય સ્તરે સ્થાપના થઈ કે તરત જ જૂના જોગીઓનો સંગાથ છોડીને રતુભાઈ અદાણી, ઝીણાભાઈ દરજી, કાંતિલાલ ઘીયા અને ચીમનભાઈ પટેલ જેવા નેતાઓએ એ પ્રિયદર્શિનીનો પાલવ ઝીલી દીધો હતો. માધવસિંહ સોલંકી તો પાછળથી પ્રવેશ્યા હતા પણ એમની જ્ઞાતિવાદી ગણતરી ફળી અને ગુજરાતના ઈતિહાસમાં કયારેય ન બની હોય એવી વિક્રમજનક ઘટના બની. વિધાનસભાની કુલ ૧૮૨ પૈકી ૧૪૯ બેઠકો જીતીને માધવસિંહે ડંકો વગાડી દીધો હતો. જો કે શિખર પર ચઢ્યા પછી અચાનક પગ લપસ્યો હોય એમ માધવસિંહ સોલંકીને એમની ઓબીસી-ખામ થિયરી વાળી લોકપ્રિયતાનાં ફળ બહુ લાંબો વખત ભોગવવા ન દેવાયાં. એમને અનામત મુદ્દે હટાવી દઈ અમરસિંહ ચૌધરીને સુકાન સોંપાયું જે કોંગ્રેસમાંથી જ હાંકી કઢાયેલા ચીમનભાઈ પટેલ અને ભારતીય જનતા પાર્ટીના હિંદુત્વવાદી વલણનો પડકાર ઝીલી ન શક્યા. માધવસિંહને ફરી સુકાન સોંપવાથી પણ શક્કરવાર ન આવ્યો. એ પછીનો ઈતિહાસ જાણીતો છે. કોંગ્રેસે હવાતિયાં મારીને સત્તા પાછી મેળવવા પ્રયાસો કર્યા. ચીમનભાઈને નરસિંહ રાવે કોંગ્રેસમાં પ્રવેશ આપીને ગુજરાતમાં નબળી પડેલી કોંગ્રેસને પાટીદાર પીણું પીવડાવી જોયું જે લાંબું ના ચાલ્યું. ચીમનભાઈના અકાળ અવસાનથી ઊભો થયેલો પાટીદાર નેતૃત્વનો શૂન્યાવકાશ કોંગ્રેસ આજપર્યંત ભરી શકી નથી. નથી તો એને માધવસિંહની 'ચિઠ્ઠી' પછી ઓબીસીનું મજબૂત નેતૃત્વ પ્રાપ્ત થયું. બે પરસ્પર કટ્ટર વિરોધી ધ્રુવોએ કોંગ્રેસમાં શરૂ થયેલી યાદવાસ્થળી જરૂર ચાલુ રહી છે. કેન્દ્રમાં ગાંધી પરિવારના એકહથ્થુ વર્ચસ્વ સામે એક રાષ્ટ્રીય પાર્ટી ઘૂંટણિયે પડી ગઈ અને દિવસે દિવસે એની આભા ઝંખવાતી ગઈ. એકલા હાથે શાસનધુરા સંભાળવા ટેવાયેલી બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતને વરેલી રાષ્ટ્રીય પાર્ટીને સમાન વિચારસરણી ધરાવતા પ્રાદેશિક પક્ષો સાથે ગઠબંધન કરીને સત્તા સાચવવાના દહાડા આવ્યા. કોંગ્રેસમુક્ત ભારતના સંકલ્પ સાથે રાજનીતિમાં માન્ય ગણાયેલા સામ, દામ, દંડ, ભેદ વાળા નુસખા અજમાવીને ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના ઘણા બધા વગદાર આગેવાનોને પોતાની પાંખમાં લઈ લાધા છે. આથી એક મજાક પણ પ્રચલિત થઈ છે કે ભારતને 'કોંગ્રેસમુક્ત' કરવા જતાં ભાજપ 'કોંગ્રેસયુક્ત' થઈ રહ્યું છે. ગુજરાતમાં આવી રહેલી વિધાનસભાની ચૂંટણી કોંગ્રેસ માટે પ્રતિષ્ઠા બચાવવાનું ટાણું હોઈ પ્રદેશ એકમ સક્રિય બન્યું છે. એક તરફ રાહુલ ગાંધી ગુજરાત આવીને એમના ગજા મુજબ પ્રદેશ એકમને પ્રોત્સાહિત કરી ગયા છે અને હવે એ બહુ મોટો મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરી બેઠા છે. 'ભારત જોડો' કાર્યક્રમમાં વ્યસ્ત રાહુલ ગાંધી હવે ગુજરાતને ગૌણ ગણી ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં સારો દેખાવ થઈ શકે એ બાબત પર ધ્યાન આપી રહ્યા છે. ગુજરાત કોંગ્રેસને એમણે ગુજરાતના નેતાઓને હવાલે છોડી દીધઈ છે અને એનું રખોપું કરવા માટે રાજસ્થાનના નેતાઓને જવાબદારી સોંપી છે. ગુજરાત એકમે 'ગુજરાત બંધ'નું એલાન આપ્યું તે મહદંશે નિષ્ફળ રહ્યું છે. હવે પ્રજાને આવા જૂના જમાનાના કાર્યક્રમોમાં રસ પણ નથી રહ્યો. જગદીશ ઠાકોર અને અન્ય સિનિયર કોંગ્રેસી આગેવાનોએ બંધ પળાવવા પ્રામાણિક પ્રયત્નો કર્યા. બંધ ન પળાય એટલા સારુ સરકારે પોલીસને સક્રિય કરી. એથી પ્રજાને શું ? પ્રજાને મોંઘવારી અને બેરોજગારી જરૂર નડે છે. પરંતુ એને એ મુદ્દે જાગ્રત કરવા માટે કોંગ્રેસે ઘેર ઘેર પહોંચીને એના ભવિષ્યના ઢંઢેરાનો પ્રચાર કરવાની જરૂર છે. વળી આમ આદમી પાર્ટીનો પ્રવેશ, પેલા ઓવૈસીના ઉમેદવારો અને છેલ્લે કદાચ માયાવતીની માયાજાળ - કોંગ્રેસ માટે આગામી ચૂંટણી સીધાં ચઢાણ જેવી છે.

# દોષિત ઠરેલ વ્યક્તિને સજામાં માફી આપવાની રાજયપાલની સત્તા

**ભારતીય બંધારણની કલમ-૧૬૧માં રાજયપાલને આરોપીની સજા માફ કરવાની, ઘટાડવાની વિશિષ્ટ સત્તા, અધિકારો આપવામાં આવ્યા છે**




આપણા ભારતીય સંવિધાનનાં અનુચ્છેદ-૧૬૧માં માફી વગેરે આપવનાં તથા અમુક દાખલાઓમાં મુલતવી રાખવાની તેમાંથી મુક્તિ આપવાની અથવા તે હળવી કરવા માટેની રાજ્યનાં રાજ્પાલને વિશિષ્ટ સત્તા, અધિકારો આપવામાં આવ્યા છે જે અનુસાર, રાજ્યનાં રાજ્યપાલને, રાજ્યની કારોબારી સત્તા જે બાબત સુધી વિસ્તરી હોય તે સંબંધી કોઈ કાયદા વિરૂધ્ધનાં ગુના માટે દોષિત ઠરેલી વ્યક્તિને થયેલી શિક્ષા માફ કરવાની, તેનો અમલ મોકૂફ રાખવાની, તેમાં મહેતલ આપવાની કે તેમાંથી મુક્તિ આપવાની અથવા ફરમાયેલી સજાને મુલતવી રાખવાની, તેમાંથી મુક્તિ આપવાની અથવા તે હળવી કરવાની સત્તા રહેશે.

ભારતીય બંધારણનાં અનુચ્છેદ-૭૨ થી ભારતનાં રાષ્ટ્રપતિને જે રીતે સજા માફ કરવાની, સજા મુલતવી રાખવાની, તેમાંથી મુક્તિ આપવાની કે સજા હળવી કરવાની સત્તા આપી છે, તેવી જ સત્તા રાજ્યપાલને અનુચ્છેદ-૧૬૧ થી આપવામાં આવી છે. રાજ્યપાલની આ સત્તા માત્ર રાજ્યની કારોબારી સત્તાનાં વિસ્તાર જેટલી જ છે. આ બાબતમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૪૦૨(૧)ની જોગવાઈ મહત્વની છે. આ જોગવાઈ અનુસાર કોઈ વ્યક્તિને કોઈ ગુના માટે કરવામાં આવેલ સજામાં ઘટાડો કરવા, મુલતવી રાખવા, માફ કરવા કે આંશિક ઘટાડો કરવાની સત્તા રાજ્ય સરકારને આપવામાં આવી છે.

કે.એમ.નાણાવટી વિ. મુંબઈ રાજ્યના કેસમાં રાજ્યપાલની ન્યાયવિષયક સત્તા અને અનુચ્છેદ-૧૪૨ હેઠળ સર્વોચ્ચ અદાલતની સત્તા વચ્ચે ઘર્ષણ થવાનાં સંજોગોમાં સર્વોચ્ચ અદાલતે સુસંવાદી અર્થઘટનનાં નિયમોનો આશરો લઈ ઠરાવેલ કે, રાજ્યપાલને કોઈપણ વ્યક્તિની સજા મુલતવી રાખવાનો અધિકાર સર્વોચ્ચ અદાલત સમક્ષ કેસ પડતર હોય ત્યારે પણ વિદ્યમાન છે, પરંતુ પ્રસ્તુત કેસમાં મુંબઈ વડી અદાલતે શ્રી નાણાવટી ને કેદની સજા ફરમાવી તે સામે શ્રી નાણાંવટીની અનુચ્છેદ-૧૪૨ હેઠળની અરજી સર્વોચ્ચ અદાલત સમક્ષ ન્યાયાધીન હતી તે સંજોગોમાં રાજ્યપાલ અનુચ્છેદ-૧૬૧ હેઠળની સત્તાનો ઉપયોગ કરીને સજા મોકૂફ રાખી શકે નહિ. સર્વોચ્ચ અદાલતે આ ચુકાદો ૪ : ૧ ની બહુમતીથી આપ્યો હતો અને શ્રી નાણાવટીની સજા મોકૂફની અરજી નામંજૂર કરી હતી.

ભારતીય બંધારણનાં અનુચ્છેદ-૧૬૧ની રાજયપાલની સત્તા વૈધાનિક સત્તા છે, જેને ભારતીય ફોજદારી ધારાની કલમ-૪૩૨, ૪૩૩ અને ૪૩૩-એ ની જોગવાઈઓનો બાધ નડશે નહિ તેમ પંજાબ રાજય વિ. જોગીન્દર ના કેસમાં ઠરાવાયું હતું. અનુચ્છેદ-૧૬૧ની રાજયપાલની ન્યાયવિષયક સત્તા ઉપર સંવિધાને કોઈ મર્યાદા મૂકી નથી. આ સત્તા ઘણી જ વ્યાપક છે, આમ છતાં આ સત્તા એક સંવૈધાનિક સત્તા હોવાથી તેના પર મર્યાદિત પ્રમાણનાં પણ ન્યાયિક પૂર્નવિલોકનને અવકાશ છે. સત્પાલ વિ. હરિયાણા રાજ્યનાં કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું હતું કે, જ્યારે રાજયપાલનો નિર્ણય સરકારની સલાહ વિનાનો, હકૂમત બહારનો કે પુખ્ત વિચારણા વિનાનો કે દ્વેષપૂર્ણ કે અતાર્કિક આધાર પર લેવામાં આવેલ હોય ત્યારે અદાલત તેમાં હસ્તક્ષેપ કરશે.

દતુ ચિમનરાવ મરાઠા વિ. ગુજરાત રાજય માં ગુજરાત વડી અદાલતે ઠરાવ્યું કે, અદાલત અનુચ્છેદ-૭૨ અને ૧૬૧ ની સવૈધાનિક સત્તામાં હસ્તક્ષેપ કરી શકે નહિ, તેવું ઠરાવવમાં આવેલું.

દિપકકુમાર ભાનુપ્રસાદ ઉપાધ્યાય વિ. ગુજરાત રાજય (ફુલ બેન્ચ) ના ગુજરાત વડી અદાલતના રસપ્રદ ચુકાદામાં ગુજરાત સરકારે સ્વાતંત્ર્યના ૫૦મી વર્ષગાંઠ પ્રસંગે જે કેદીઓએ જેલની સજાનાં ખરેખર ૧૦ વર્ષ સેટ ઓફ સહિત પૂરાં કર્યા હતા તેની સજા માફ કરી હતી. અનુચ્છેદ-૧૬૧ હેઠળ રાજયપાલે તેની સત્તાનો ઉપયોગ કર્યો હતો. વડી અદાલતે ઠરાવ્યુ કે, જે કેદીઓની ખરેખર ૧૦ વર્ષની કેદ ભોગવી હતી તેમને જ આ માફી મળવા પાત્ર છે, અન્ય ને નહિ.

સનાબોનીયા સત્યનારાયણમ વિ. આંધ્રપ્રદેશ અને અન્ય ના કેસમાં આંધ્રનાં રાજયપાલે સ્વતંત્ર્યનાં ૫૦મી વર્ષગાંઠને અનુલક્ષીને કેદીઓને મુક્તિ આપવાનો નિર્ણય અનુચ્છેદ-૧૬૧ હેઠળ કર્યો જેમાં ભારતીય ફોજદારી ધારાની કલમ-૩૭૫ અને ૩૫૪ હેઠળ સ્ત્રીઓ સામેનાં ગુના માટે સજા ભોગવતા કેદીને બાકાત રાખ્યા હતાં. આ સામેની પીટીશનમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે, અનુચ્છેદ-૧૬૧ હેઠળ રાજયપાલની સત્તા વિવેકાધીન છે, તેમજ નીતિ વિષયક બાબત છે જે કોઈ સ્થાપિત હક નથી. હાલમાં, ભારતમાં આઝાદીનાં અમૃત વર્ષનાં ૭૫ વર્ષની

અનુસંધાન પાના નં. ૭ પર

# આપણી માનસિકતા બદલાય એ માટે પ્રયત્નશીલ બનવું આવશ્યક




અંતરની સંપત્તિ આપણે ખોઈ બેઠા છીએ, એટલે આપણે લજ્જાથી નીચા નમી ગયા છીએ; આજે ધ્યાનબળ રહ્યું નથી, કેવળ જપમાત્ર છે કેવળ અર્થહીન આચાર શુચિત ગણાય છે.''

-રવીન્દ્રનાથ ઠાકુર (અનુ. નગીનદાસ પારેખ)

ધર્મ અને ધાર્મિક માન્યતાઓ વિશે દરેકના અલગ અલગ મંતવ્ય હોઈ શકે છે. આપણા આ દેશમાં આપણને ધર્મ અંગે વિચારવાનો અને ઈચ્છિત ધર્મ સ્વીકારવાનો હક પ્રાપ્ત થયેલ છે અને ગાંધીજીએ આપણને એ બાબતની યાદ પણ કરાવી કે હિંદુઓ પોતાની પરંપરાગત સર્વધર્મ સમભાવનાવાળી સંસ્કૃતિનું પાલન કરે એ જ યોગ્ય છે. પણ સાચા અર્થમાં માનવધર્મથી વિશેષ કોઈ ધર્મ ન હોઈ શકે એ આપણે સૌ માનીએ કે ન માનીએ જાણીએ તો છીએ જ! શ્રી ચિત્રભાનુ'' મહારાજની રચનામાં ધર્મ અને ધાર્મિક બાબત અને માન્યતા વિષે જે લખાયું છે તે સચોટ લાગે છે કે,

''દીન, ક્રૂર ને ધર્મવિહોણાં દેખી દિલમાં દર્દ વહે
અને
ધર્મસ્થાનકની ધર્મભાવના હૈયે સૌ માનવ લાવે
વેરઝેરનાં પાપ તજીને મંગળ ગીતો એ ગાવે..''

આપણે ત્યાં અસત્ય, અનાચાર, દુરાચાર વગેરે આચરનારાઓ સ્વાર્થી માણસો એકબીજા સાથે હળીમળીને કામ કરી શકે છે, એકબીજા પર મુશ્કેલી આવી પડે તો બચાવી લેવા બધા માર્ગો અજમાવી શકે છે. પણ સાધુવૃત્તિના, શુદ્ધ જીવન ગાળનારા ચાર માણસો સારું કામ કરવા માટે તેમ ભળી શકતા નથી. બધા સમૂહ સાથે મળીને કામ કરે એ માટેનો પુરુષાર્થ, ત્યાગ, સહનશીલતા અને નિરહંકારતાની તેમનામાં ઊણપ હોય છે. આ નબળાઈ અને કાયરતા સજ્જનોમાંથી દૂર નહીં થાય ત્યાં સુધી સત્ય, અહિંસા, જેવા મહાન ગુણો શક્તિરૂપ થવાને બદલે તેના આચરનારને પડકારરૂપ થઈ શખે છે. ''અભિપ્રેત નોંધે છે કે,

પુણે નજીક એક વિમાન તૂટી પડ્યું, તેમાં માર્યા ગયેલાઓનાં શબ ગીચ જંગલમાં વેરણછેરણ પડ્યા હતા. એ મૃતદેહો પરથી કીમતી ચીજો, દરદાગીનાને કપડાં સુદ્ધાંની ચોરી થઈ ગઈ. પટણા નજીક રેલવે હોનારત થઈ પછી તુરત મૃતદેહો પરથી અને ભંગારમાંથી લૂંટાલૂંટ કરીને કેટલાક માણસો ભાગી ગયેલા.''

શબોને પણ ન છોડ્યા! જયારે મદદ માટે દોડી જવું જોઈએ, ત્યારે પણ માણસને પૈસા ને માલમિલકત જ સાંભર્યા! આ હકીકત સમાજ સામે પ્રશ્નાર્થ ચિહનરૂપ નથી? માણસની માનવતાનો પારો આટલો બધો નીચો ઊતરી ગયો, તે માટે જવાબદાર કોણ? આવી પરિસ્થિતિ પેદા જ કેમ થઈ?

જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી, આજે લાખો-કરોડો વંચિત રહે છે અને જેમને એ પ્રાપ્ત છે તે પણ ભૌતિક ચક્રભૂહમાં કેવા ફસાયા છે. ખાવાપીવા અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાંથી ઘડીની ફુરસદ મળતી નથી. માલમિલ્કતની વહેંચણી માટે આજે સમાજમાં કેટલા ઝઘડા થાય છે! મનોરંજન માટે કલાના હાટ મંડાયા છે, ત્યાંથી શાંતિ કે સુખની ભ્રાંતિ મેળવી ફરી પાછો માણસ આ ચકડોળમાં હેલે ચડે છે. એને જીવન વિશે વિચારવાની ફુરસદ છે, ન માનવતાનાં વિકાસ માટે માલમિલ્કતનું મૂલ્ય વધુ અંકાય છે, સમાજમાં જે અસમાનતા પ્રવર્તે છે તે પેલીના જેવી જ એક લૂંટાલૂંટનું પરિણામ નથી શું? ફરક માત્ર એટલો જ કે આ લૂંટાલૂંટ સમાજ માન્ય છે. આપણી અને પેલા લૂંટારાઓની વચ્ચે જે ભેદ છે તે માત્રાનો છે, પ્રકારનો નહીં.''

આપણી માનસિકતા બદલાય એ માટે પ્રયત્નશીલ બનવું ખૂબ આવશ્યક છે. તેમ જ મનુભાઈ પંચોળી જેને મનુષ્યજીવનનાં બે ચરમ ગિરિશિખરો ગણાવ્યા છે તે નિર્વ્યાજ પ્રેમ અને નિરભ્ર બુદ્ધિને આપણે જીવનમાં અપનાવી શકીએ. તો એક વધુ ઉજળો સમાજ સ્થાપી શકીશું. નિર્વ્યાજ પ્રેમ એટલે આપણી આસપાસ રહેતા તમામને એક સમાન પ્રેમભાવથી જોવા અને નિરભ્ર બુદ્ધિ એટલે જે કંઈ ખરાબ છે તેને પણ સમતોલ રહીને જેટલું ખરાબ હોય તેટલું જ ખરાબ કહેવું, તલભાર પણ વધુ નહિ અને સારું હોય તેને માટે આદરભાવ રાખવો અને આમ આપણને સારાની કદર કરવાની અને કોઈના પ્રત્યે દ્વેષ કે વેર ન કરવાની ટેવ પડતી જશે.

Last Seen :

સ્વાર્થીપણું આત્માનું ખૂન કરે છે, પણ તારું પરોપકારપણું બીજાઓની અંદર રહેલા આત્માનો વિનાશ ન કરે, તે તું સંભાળજે !

nehalgadhavi 101@gmail.com

# મુંબઈની આકર્ષક નોકરી છોડી આદિવાસી ગામમાં કામ કરતા અલ્પેશ બારોટ, વડોદરાની કન્યા, નામે રિંકુ પણ આદિવાસી ગામમાં રહે છે હવે તેને શહેર ગમતું નથી




આજકાલ બધાને શહેરમાં રહેવું છે. જીવન શહેરમાં જ છે એવું માનવામાં આવે છે. ગામો ખાલી થઈ રહ્યાં છે. ગામો વૃધ્ધાશ્રમો જેવાં થઈ રહ્યાં છે. યુવાનો તો શહેરમાં જ રહે છે. ગામોમાં વૃધ્ધજનો જોવા મળે. કોઈ યુવકની સગાઈ કરવી હોય તો તે યુવક જો શહેરમાં રહેતો હોય તો જ તેની સગાઈ થાય, નહીંતર રામ રામ. ઘણી છોકરીઓને તો નાના નગરમાં પણ પરણવું હોતું નથી. આવા શહેર મેનિયાના વાતાવરણમાં અલ્પેશ બારોટ નામનો એક યુવક પોતાની મુંબઈની આકર્ષક નોકરી છોડીને આદિવાસી ગામમાં બેસીને આદિવાસીઓના ઉત્થાનનું સુંદર કામ કરી રહ્યો છે. તેમનાં જીવનસાથી રિંકુ બારોટનું પિયર વડોદરા. લગ્ન પહેલાં રિંકુબહેને ગામ જોયું જ નહોતું. પતિએ ગામમાં કામ શરૂ કર્યું એટલે તેઓ પણ ગામમાં રહેવા લાગ્યાં. હવે એવી સ્થિતિ છે કે, કોઈ કામથી અમદાવાદ કે વડોદરા જવાનું થાય તો બે દિવસ પણ ફાવતું નથી. તરત સાદ કરીને ગામ બોલાવે છે.





●●●

એમનું નામ અલ્પેશભાઈ, માતાનું નામ મધુબહેન અને પિતાનું નામ રમેશભાઈ. રમેશભાઈ ગૂજરાત વિદ્યાપીઠના સાદરા એકમના પહેલી બૅચનાં વિદ્યાર્થી. રમેશભાઈએ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ગુંદી ગામમાં આવેલા સર્વોદય આશ્રમમાં વર્ષો સુધી ગૃહપતિ તરીકે કાર્ય કર્યું. તેમના પુત્ર અલ્પેશનું પ્રાથમિક શિક્ષણ, એકથી સાત ધોરણ ગુંદીમાં જ થયું. એ પછી અલ્પેશભાઈ વાળુકડ (તા. પાલિતાણા, જિ. ભાવનગર)ના લોકવિદ્યાલયમાં ભણવા ગયા. અહીં તેમનું બરાબર ઘડતર થયું. નાનુભાઈ શિરોયાના માર્ગદર્શનમાં અહીં નઈ તાલીમનું આદર્શ કામ થતું હતું. સાચા અર્થમાં અહીં શિક્ષણ અપાતું હતું. ગ્રામભારતી અમરાપુર(જી-ગાંધીનગર)માં ધો. ૧૧-૧૨નો અભ્યાસ કરી અમદાવાદની કોલેજમાં સ્નાતકનો અભ્યાસ કર્યો. ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્જીઉની પદવી મેળવી.

અલ્પેશભાઈએ ભણી લીધા પછી એક વર્ષ મુંબઈમાં નોકરી કરી. સરસ નોકરી હતી. પગાર પણ સારો હતો. જોકે, શહેરી વાતાવરણમાં મન માનતું નહોતું. એ પછી તેમણે વડોદરા પાસેના સંખેડામાં ત્રૈંઝઈહ્ય અંતર્ગત પ્રતિકાર ટ્રસ્ટમાં છ વર્ષ સુધી મહિલા અને બાળ સુરક્ષા બાબતે કામ કર્યું. મનમાં ગામના લોકો માટે કશુંક કરવાનો વિચાર સતત દૃઢ થતો હતો. પોતાના મિત્રો સાથે તેમણે આદિવાસી ગામોમાં ફરીને સર્વેક્ષણ કર્યું. તેમણે ગામના લોકોને જઈને પૂછ્યું કે, અમારે તમારા માટે કંઈક કરવું છે તો શું કરીએ? જવાબ મળ્યો છાત્રાલય. તેમણે ૧૧મી જૂન, ૨૦૧૬ના રોજ છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના અંતરિયાળ આદિવાસી વિસ્તાર એવા કુકરદા ગામમાં સમાજ સેવાનું કાર્ય શરૂ કર્યું. એ વખતે તેમને પરિવારથી દૂર રહેવું પડ્યું. ૨૦૧૭ના વર્ષમાં લગભગ ૫૦ જેટલા બાળકોને લોક સહયોગ સંચાલિત સહયોગ છાત્રાલયમાં ભણતા કર્યા. બે વર્ષ કુકરદા ગામના સ્થાનિક વડીલના ઘરમાં છાત્રાલય ચલાવ્યું. વધારે બાળકોને સમાવી શકાય તથા તેમને રમવા માટે મોકળું મેદાન મળે તે માટે નર્મદા જિલ્લાના નવનીર્મિત તાલુકા ગરૂડેશ્વરના માંકડઆંબાને પોતાના રચનાત્મક કાર્ય કરવા માટે પસંદ કર્યું. શરૂઆતમાં એક વડીલે તેમના ઘરે જ રહેવાની વ્યવસ્થા આપી. ૨૦૧૮થી અહીં સહયોગ છાત્રાલય શરૂ થયું.

તમે અલ્પેશભાઈ સાથે વાત કરો ત્યારે તમને માલૂમ પડે કે, તેમના હૃદયમાં આદિવાસી લોકો માટે ભરપૂર પ્રેમ સંવેદના અને કરુણા છે, તો મગજમાં કઈ રીતે કામ કરવું તેની પૂરી સ્પષ્ટતા છે. તેઓ કશુંક નક્કર કરવા માગે છે. અલ્પેશભાઈ કહે છે કે, મારા મનમાં સ્પષ્ટ અભિગમ હતો કે, જે કરીશ તે નાનું કરીશ, નક્કર કરીશ અને લાંબાગાળે નમૂનેદાર બને એવું જ કરીશ. અને ખરેખર તેઓ એમ કરવામાં સફળ થઈ રહ્યા છે. બાળકોના શિક્ષણ માટે તેમણે છાત્રાલય કર્યું છે. સ્થાનિક લોકોના પ્રશ્નો અને સમસ્યાઓને સમજીને તેનો ઉકેલ લાવી રહ્યા છે. સ્થાનિક પર્યાવરણના પ્રશ્નોને ધ્યાનમાં રાખીને તેઓ વૃક્ષારોપણનો પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. તેઓ કહે છે કે, આદિવાસીઓના પ્રશ્નોનો પાર નથી. ડુંગળીના પડ જેવું છે. એક પડ ખોલીએ એટલે બીજું અને બીજું ખોલીએ એટલે ત્રીજું એમ નવાં નવાં પડ ખૂલતા જ જાય છે. આદિવાસીમાં વૃધ્ધાશ્રમનો કન્સેપ્ટ હોતો નથી. નિરાધાર વૃધ્ધોનો પણ મોટો પ્રશ્ન છે. નર્મદા જિલ્લામાં બાળલગ્નો પણ મોટી સંખ્યામાં થાય છે, એ પ્રશ્ન પણ ઉકેલવાનો છે.

અલ્પેશભાઈએ અભિનવ રીતે કામ કર્યું છે. તેમણે નિર્ણય પ્રક્રિયામાં બાળકોને સામેલ કર્યા છે. છાત્રાલયની ડિઝાઈન બનાવવાની હોય તો ય બાળકોને પૂછવાનું. દરવાજો કેવો કરીશું? પૂછો બાળકોને. જ્યારે બાળકોને નિર્ણયની પ્રક્રિયામાં સામેલ કરવામાં આવે છે ત્યારે તેમનો વિશ્વાસ ખૂબ વધી જાય છે. અલ્પેશભાઈ કહે છે કે, મારો અનુભવ ખૂબ જ સારો રહ્યો છે.

જેના પ્રશ્નો હોય છે, ઉકેલ તેમની પાસે જ હોય છે. જ્યાં પ્રશ્ન હોય છે, ઉકેલ પણ ત્યાં જ હોય છે. આ વાત સમજવા જેવી છે. અલ્પેશભાઈ આ વાત બરાબર સમજે છે. ભારતના પ્રશ્નોના જવાબ અમેરિકામાં ના હોય. કોઈ ગામના પ્રશ્નોના ઉત્તર ગાંધીનગર કે દિલ્હીમાં ના હોય. લોકશક્તિ અને લોકસહયોગના આધારે અલ્પેશભાઈ ખૂબ સુંદર કામ કરી રહ્યા છે. ગાંધીવિચાર તેમને ગમે છે. ગાંધીવિચારના માર્ગે તેઓ આગળ વધી રહ્યા છે.

તેમના જીવનસાથીનું નામ છે રિંકુબહેન. તેઓ નર્સ છે. નોકરી કરે છે. વડોદરામાં રહેલાં એટલે તેમણે ગામ જોયું જ નહોતું. તેઓ ગામમાં ગયાં અને ગામના પ્રેમમાં પડ્યા. અલ્પેશભાઈની પ્રવૃત્તિઓ તેમને ખૂબ ગમે છે. આ બધી પ્રવૃત્તિઓમાં તેઓ અલ્પેશભાઈની સાથે, ખડેપગે અને ભરેલા હૃદયે રહે છે. તેમને બે સંતાનો છે. ૨૦૧૧માં જન્મેલો દીકરો એટલે માર્ગ અને ૨૦૨૨માં બીજો દીકરો જન્મ્યો તેનું નામ હિતાર્થ. આદિવાસીઓના હિતાર્થે ગામનો માર્ગ પકડનાર આ દંપતિના બંને દીકરાઓ આદિવાસી છોકરાઓ સાથે હળીમળીને મોટા થઈ રહ્યા છે.

આદિવાસી ગામમાં બેસીને કામ કરવું સહેલું નથી. અનેક પડકારોનો સામનો કરવો પડે છે. સાધનો ઓછાં અને સંસાધનો પણ પાંખાં. અલ્પેશભાઈનું ટ્રસ્ટ એટલું બધું સધ્ધર નથી. જોકે, તેમની પાસે આત્મવિશ્વાસની મૂડી છે. તેમની પાસે શ્રધ્ધાની થાપણ છે. તેઓ પોતે કઈ દિશામાં કેવી રીતે કામ કરશે એ બાબતમાં સ્પષ્ટ છે.

તેમનાં બહેન દર્શનાબહેન બારોટ કહે છે કે, એ નાનો હતો ત્યારથી જ કશુંક જુદું કરવા માગતો હતો. એટલે તો મુંબઈ છોડ્યું અને આદિવાસીઓની વચ્ચે જઈને બેઠો છે. અમને તેના કામ માટે ગૌરવ છે. રિંકુબહેન પણ રાજી થઈને કહે છે કે, અમે જે કામ કરી રહ્યાં છીએ તેનો અમને ઊંડો સંતોષ છે.

અલ્પેશના પિતાજી રમેશભાઈ ગાંધીજન છે. ખૂબ સુંદર ગાય પણ છે. છાત્રાલયના ગૃહપતિ તરીકે તેમણે ઉત્તમ કામ કરેલું છે. પારિવારિક સંસ્કાર અને જુદી જુદી સંસ્થાઓના વાતાવરણમાંથી જે અજવાળું મળ્યું તેને લઈને અલ્પેશભાઈ આજે આદિવાસીઓના ઉત્થાન માટે સુંદર કામ કરી રહ્યા છે.

તેમના કામની નોંધ લેવાઈ છે. જાગૃત જન સહિત ઘણા એવોર્ડ તેમને મળ્યા છે. રચનાત્મક કાર્ય કરતી સંસ્થાઓ અને અગ્રણીઓ એક ખૂણામાં બેસીને કામ કરતા અલ્પેશભાઈ પર ઝીણી નજરથી ધ્યાન રાખી રહ્યા છે. તેઓ કહે છે કે, ખરેખર સાચી દિશામાં કામ થઈ રહ્યું છે.

અલ્પેશભાઈની શક્તિઓ, તેમના હૃદયની સંવેદના અને અનુભવ જોતા ચોક્કસ લાગે છે કે, ગુજરાતને એક મોટો કર્મશીલ મળશે.

**અલ્પેશભાઈનો સંપર્ક નંબરક્ક ૮૩૪૭૮ ૩૧૦૯૮ છે.**